# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
સરકારી પોલીટેકનીક કેમ્પસ, ગદુકપુર, ગોધરા. જિ.પંચમહાલ-૩૮૯૦૦૧

---

નં.એસજીજીયુ/પ્રવેશ/એમપીટી/૨૦૨૦/૨૧૭૮ તા. ૨૬/૦૬/૨૦૨૦

## પરિપત્ર – ૨૦૮૬

**વિષય : માસ્ટર ઓફ ફીઝીયોથેરાપી અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ અંગે સુચના**

શ્રીમાન,

માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર આ યુનિવર્સિટી સંલગ્ન એમ.પી.ટી. અભ્યાસક્રમની કૉલેજોના પ્રથમ વર્ષમાં પ્રવેશ આપવાની કામગીરી અંગે નીચે જણાવેલ સૂચનાઓ અને આદેશોનું ચુસ્ત પાલન કરવા વિનંતી છે.

**(અ) પ્રવેશ અંગેની સૂચનાઓ :-**

૧. પ્રવેશની સંપૂર્ણ જવાબદારી કોલેજની રહેશે.

૨. આપની કૉલેજમાં જે વિષયો ઊપલબ્ધ હોય તેની માહિતી આપની કૉલેજના નોટીસ બોર્ડ પર વિદ્યાર્થીને સ્પષ્ટ વંચાય તે રીતે મુકશો.

૩. **અ.** દરેક વિદ્યાર્થીએ યુનિવર્સિટી વેબસાઈટ www.sggu.ac.in પર Admission-2020 લિંકમાં જઈ ઓનલાઇન પ્રવેશ ફોર્મ જરૂરી એટેચમેન્ટ સાથે ભરવાનું રહેશે.

   **બ.** વિદ્યાર્થીએ જે કોલેજમાં પ્રવેશ લેવા માંગતા હોય તે દરેક કોલેજનું અલગ ફોર્મ ભરવાનું રહેશે.

૪. કોલેજે યુનિવર્સિટી વેબસાઈટ www.sggu.ac.in પર Admission-2020 લિંકમાં રોજ રોજ પ્રવેશ ફોર્મને ઓનલાઈન વેરીફાઈ કરવાનું રહેશે. અને વિદ્યાર્થીને ઈ-મેઈલ મારફત ફરજીયાત પહોંચ આપવાની રહેશે.

૫. વિદ્યાર્થીને પ્રવેશ મેરીટના આધારે જ આપવાનો રહેશે. ઓર્ડીનન્સ અને રેગ્યુલેશનમાં જણવ્યા મુજબ પ્રવેશ કાર્યવાહી કરવી. (વિગત યુનિવર્સિટીની વેબસાઈટ પરથી મળી શકશે.) નિયત ઇન્ટેક કેપેસીટી પ્રમાણે જ પ્રવેશ આપી શકાશે. ઇન્ટેક કેપેસીટી કરતા વધારાના આપેલ પ્રવેશ માન્ય ગણાશે નહી તેમજ તેની સઘળી જવાબદારી કોલેજની રહેશે.

૬. દરેક કોલેજે નીચે પ્રમાણે સ્પષ્ટ જાહેરાત નોટીસબોર્ડ પર ફરજીયાતપણે મૂકવી (જમ્બો ઝેરોક્ષમાં મુકવું)

   ૧ મેરીટ યાદીમાં નામ આવતા ક્રમશ: જ્યાં નિયત સંખ્યા સમાપ્ત થશે ત્યાં પ્રવેશ બંધ થશે.

   ૨. મેરીટ અનુસાર યાદીમાં નામ આવવાથી પ્રવેશ ફાઈનલ થતો નથી, આગળના મેરીટ ધરાવનાર કેટલા વિદ્યાર્થી પ્રવેશ લે છે તેના પણ આધાર રાખે છે.

   ૩. મેરીટ યાદીઓ નિયત તારીખે જ જાહેર કરવી અને ત્યારબાદ જ ફી સ્વીકારવાની કાર્યવાહી કરવાની રહેશે. વિદ્યાર્થીએ સમયસર હાજર રહેવું સીટોની ઉપલબ્ધતાને આધારે પ્રવેશ પ્રક્રિયા ચાલુ રહેશે.

   ૪. નિયત તારીખે ફી નહી ભરનારનો પ્રવેશ પર કોઈ અધિકાર રહેશે નહી. આ બાબતે વાંધા-વિરોધ-વિવાદ સાંભળવામાં આવશે નહી.

   ૫. પ્રવેશ માટે કોઇપણ એજન્ટ-મધ્યસ્થી સાથે નાણાકીય વ્યવહાર કરવો નહી.

૭. નિયમાનુસાર ડિવીઝન/વિષય દીઠ સંખ્યા ભરાઈ જતા પ્રવેશ બંધ થશે.

૮. દરેક કૉલેજ ચુસ્ત રીતે જાહેર થયેલ મેરીટ અનુસાર જ પ્રવેશ આપશે. અને મેરીટ લીસ્ટ બહારનો એકપણ પ્રવેશ આપવો નહી. અન્યથા તે પ્રવેશ રદ્દ ગણાશે તથા તે વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન થશે નહી અને તેની સઘળી જવાબદારી કોલેજની રહેશે.

૧. અનામત કક્ષાના વિદ્યાર્થીઓએ જાતિના પુરાવાનું પ્રમાણપત્ર અપલોડ કરવું ફરજીયાત છે. અન્યથા આવા વિદ્યાર્થીને અનામતનો લાભ મળવાપાત્ર થશે નહિ.

૨. બક્ષીપંચના વિદ્યાર્થીઓ પાસેથી સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ માન્ય નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ અપલોડ કરવું ફરજીયાત છે. અન્યથા આવા વિદ્યાર્થીને અનામતનો લાભ મળવાપાત્ર થશે નહિ.

૩. આર્થિક રીતે નબળા અર્ગોના વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ માન્ય સર્ટીફિકેટ અપલોડ કરવું ફરજીયાત છે. અન્યથા આવા વિદ્યાર્થીને અનામતનો લાભ મળવાપાત્ર થશે નહિ.

૪. પ્રવેશ શીડ્યુલમાં નક્કી કરાયા મુજબ ઓપન મેરીટની યાદીમાં ગુણવત્તાના ધોરણે આવતા તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કાર્ય બાદ જ અનામત કક્ષામાં આવતા વિદ્યાર્થીઓની મેરીટ યાદી જાહેર કરવાની છે. ઓપન મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને તે પ્રમાણે પ્રવેશ આપવો તેમને અનામત યાદીમાં સમાવવા નહી. યુનિવર્સિટીની મંજુરીથી અનામત જગ્યાઓ ઓપનમાં બદલવાની રહેશે.

૫. અનામતની ટકાવારીની જગ્યાઓ, ઓપન મેરીટનો સમાવેશ ફાઈનલ નાં થાય ત્યાં સુધી કોઇપણ સંજોગોમાં ભરવી નહી કે ઓપન કરવી નહી. અન્યથા કોલેજની કાયદેસરની સંપૂર્ણ જવાબદારી રહેશે.

| ૬. અનામત જગ્યાઓની ટકાવારી | ડીવીઝન/વિષય દીઠ |
|---|---|
| (અ) અનુસુચિત જાતિ | ૭% |
| (બ) અનુસુચિત જનજાતિઓ | ૧૫% |
| (ક) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | ૨૭% |
| (ડ) આર્થિક રીતે નબળા વર્ગો | ૧૦% |

(ગ) વિકલાંગ ............ 3% (તમામ કક્ષામાં સમાવિષ્ટ)

(અ) અનામત જગ્યાઓ કુલ ૪૯% રહેશે.

(બ) બિન-અનામત જગ્યાઓ ૫૧% રહેશે.

(ક) ઈ.ડબ્લ્યુ.એસ. કેટેગરીની ૧૦% સીટો કુલ સીટ ઉપરાંતની રહેશે.

Special Provision for Concession for the wards of kashmiri migrant (MHRD Letter No.3-1/2012 NER-Dated:7th March-2013

૯. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પ્રોવીઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ સિવાય કોઈપણ સંજોગોમા પ્રવેશ ફોર્મ સ્વીકારવા નહી. જો પ્રોવીઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ વગર કોઈ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવ્યો હશે અને એનરોલ્મેન્ટ ફોર્મ વખતે કંઈપણ પરિસ્થિતિનું નિર્માણ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી કોલેજના આચાર્યશ્રીની રહેશે અને પાછળથી તેની કોઇપણ રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેશો.

૧૦. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ફી સ્વીકારતી વખતે અસલ માર્કશીટ અને એનરોલમેન્ટ માટે ત્રણ ફોટા અચૂક લેવા અને પ્રવેશ કાર્ય પૂર્ણ થયે વિદ્યાર્થીને અસલ ગુણપત્રક પરત કરવું. સદરહું નિયમનો ચુસ્તપણે અમલ કરવો. કોઈપણ સંજોગોમાં આ માટે વિદ્યાર્થીઓને યુનિવર્સિટીમાં મોકલવા નહી.

૧૧. વિષયો અને પ્રવેશની પાત્રતા બાબતે સંપૂર્ણ ચકાસણી કરીને જ આચાર્યશ્રીએ પ્રવેશ આપવો. એનરોલ્મેન્ટ બાબતે યુનિવર્સિટી તરફથી અલગથી પરિપત્ર કરવામાં આવશે.

૧૨. નોટીસ બોર્ડ પર જે પ્રવેશ યાદીઓ મુકાય તેની નકલ ફરજીયાત રીતે સાંજના ૦૫:૦૦ વાગ્યા સુધીમાં રૂબરૂ/ઈ-મેઈલ **(infoexam@sggu.ac.in)** દ્વારા શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં નીચે દર્શાવેલ પત્રકમાં આપવાની છે. તેમાં ટકાવારી અચૂક લખેલી હોવી જોઈએ.

તારીખ...............પ્રવેશ યાદીનં ............................કોલેજનું નામ....................................

| ક્રમ | વિધાર્થીનું નામ | કેટેગરી | બેઠક નં. | મેળવેલ ગુણ | કુલગુણ | પ્રાપ્ત ટકા/CGPA |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

૧૩. અનામત કક્ષાના વિદ્યાર્થીઓ જગ્યાઓ

અ. ઓપન કેટેગરીમાં ટ્રાન્સફર કરતા પહેલા યુનિવર્સિટીની પૂર્વમંજુરી લેવી ફરજીયાત છે.

બ. મેરીટ યાદીઓ ત્રણ થી ચાર જગ્યાએ મુકવી. સિક્યુરીટીની પાક્કી વ્યવસ્થા કરવી, જેથી અવ્યવસ્થાને સ્થાનનાં રહે.

૧૪. પ્રવેશ આપ્યા બાદ જો જગ્યાઓ ખાલી રહેતી હોય તો ઉપલબ્ધતાના આધારે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારના કર્મચારીઓ કે જેમની બદલી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી વિસ્તારમાં થઇ છે તેમના બાળકોને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવો.

૧૫. એક વખત વિદ્યાર્થીએ જે વિષય સાથે અનુસ્નાતક પદવી મેળવી હોઈ તે જ વિષય સાથે ફરીથી તે સ્નાતક કક્ષાએ કરી શકશે નહી.

૧૬. દરેક સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓની હાજરી તમામ વિદ્યાર્થીઓની અધ્યાપકશ્રીઓએ ફરજીયાત લેવી. જે વિદ્યાર્થીઓ સતત ગેરહાજર રહે છે તેમને નોટીસ આપી તે પછીના સેમેસ્ટરમાં પ્રવેશ રદ્દ કરવો.દરેક સેમેસ્ટરમાં હાજરી પત્રકોમાં તારીખવાર હાજરી ભરી નિયત હાજરીપત્રકો દરેક સેમેસ્ટર સમાપ્ત થયા પછી ૧૫ દિવસમાં અલગ સ્ટેટમેન્ટ સાથે યુનિવર્સિટીને અચૂક મોકલવા. પ્રોફેસર ઇન્ચાર્જશ્રીએ જેમની હાજરી નિયમો મુજબ ઓછી હોય તેમના પરીક્ષા ફોર્મ રદ્દ કરવા માટે પરીક્ષા શરૂ થયાના ૧૫ દિવસ પહેલા યુનિવર્સિટીમાં રેકર્ડ સહીત મોકલી આપવા. કોઈની ખૂટતી હાજરી યુનિવર્સિટી માફ કરશે નહી તે બાબત વિદ્યાર્થીઓને જણાવવી તથા વિદ્યાર્થીઓને હાજરી માફ કરવા યુનિવર્સિટીમાં મોકલવા નહી કે માન.કુલપતિશ્રીને ભલામણ કરવી નહી. પુરતી હાજરી સિવાય પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી. આ બાબતની જવાબદારી સંપૂર્ણ કોલેજની રહેશે.

૧૭. વિદ્યાર્થીનો પ્રવેશ રદ્દ કર્યો હોય તો તેની જાણ યુનિવર્સિટીને અવશ્ય કરવી.

૧૮. વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી બાબતે માત્ર પરીક્ષા ફોર્મ Withdraw કરવા ભલામણ કરવી. તે સિવાય તે પરત્વે કાર્યવાહી થઈ શકશે નહી, ખૂટતી હાજરી માફ કરવા યુનિવર્સિટીમાં કેસ મોકલવા નહી.

# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
સરકારી પોલીટેકનીક કેમ્પસ, ગદુકપુર, ગોધરા. જિ.પંચમહાલ-૩૮૯૦૦૧


---

૧૯. પરીક્ષા ફોર્મ રદ્દ કરવાની જવાબદારી આચાર્યશ્રીની રહેશે. યુનિવર્સિટી તે પરત્વે જવાબદાર રહેશે નહી. તેની નોંધ લેવા વિનંતી છે.

૨૦. પ્રવેશ આપવા અંગેનું મેરીટ યુનિવર્સિટી દ્વારા પ્રમાણિત થયા બાદ જ પ્રવેશ આપવો.

૨૧. રીઝલ્ટ જાહેર થયેલ હોએ અને માર્કશીટ યુનિવર્સિટીમાંથી આવેલ નાં હોય તેવા સંજોગોમાં ઇન્ટરનેટ પરથી ડાઉનલોડ કરેલ માર્કશીટ પ્રિન્સીપાલના સહી સિક્કા કરાવી સામેલ કરે તો તેવા ફોર્મ સ્વીકારવાનું રાખવું.

૨૨. ૬૨ વર્ષથી ઉપરના કોઈ પણ વ્યક્તિને ડાયરેકટર, ઇન્ચાર્જ ડાયરેકટર તરીકે કોઇપણ સ્વનિર્ભર સંસ્થામાં ચાલુ રાખી શકાશે નહી.

૨૩. સંસ્થામાં રેગિંગના નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે જોવાની જવાબદારી જે તે કોલેજના આચાર્યશ્રીની રહેશે. જે વિદ્યાર્થી રેગિંગ કરતા પકડાશે તો તેનો પ્રવેશ રદ્દ થશે આ સુચનાનો ચુસ્તપણે અમલ કરવો.

૨૪. એમ.પી.ટી. અભ્યાસક્રમના સંદર્ભમાં પ્રવેશ પ્રક્રિયા સંબંધિત તમામ બાબતો માટે યુનિવર્સિટી દ્વારા આદેશ અનુસાર ડૉ. મુકેશ આર. પટેલ, મદદનીશ કુલસચિવ, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીની નિમણુંક કરેલ છે. જે ધ્યાને લઈ તેમના પરામર્શમાં રહી પ્રવેશ કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

**શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ એમ.પી.ટી.. પ્રથમ વર્ષમાં મેરીટ યાદીઓના આધારે પ્રવેશ કાર્યવાહીનું સમય પત્રક**

| ક્રમ | કાર્યવાહી | તારીખ |
|---|---|---|
| (૧) | વિદ્યાર્થીઓએ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની તારીખ | ૨૯/૦૬/૨૦૨૦ થી ૧૫/૦૭/૨૦૨૦ |
| (૨) | કોલેજો દ્વારા પ્રવેશ ફોર્મ વેરીફાય કરવાની તારીખ | ૨૯/૦૬/૨૦૨૦ થી ૧૫/૦૭/૨૦૨૦ |
| (૩) | ઓપન અને અનામત મેરીટ પ્રથમ યાદીની જાહેરાત | ૧૭/૦૭/૨૦૨૦ |
| (૪) | ઓપન અને અનામત પ્રથમ મેરીટ યાદીના વિદ્યાર્થીઓને ફી સ્વીકારવાનો સમય (કોલેજના સમય મુજબ) | ૧૭/૦૭/૨૦૨૦ થી ૨૩/૦૭/૨૦૨૦ |
| (૫) | પ્રથમ વર્ષના શૈક્ષણિક સત્રનો પ્રારંભ (માત્ર ઓનલાઈન પધ્ધતિ અનુસાર) | ૨૫/૦૭/૨૦૨૦ |

ઉપરોક્ત સૂચનાંઓનું અચૂક પાલન કરવાનું રહેશે.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- એમ.પી.ટી. અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.
- સંબંધિત વિદ્યાર્થીઓ તરફ જાણ સારૂં.